પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૯૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૮-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી, મોદી સરનેમ કેસમાં સજા પર રોક લગાવી દીધી

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સંસદની સદસ્યતા રદ કરવાના મામલે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી માટે અડધા કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો હતો, જેમાં બંને પક્ષના વકીલોને બોલવા માટે ૧૫-૧૫ મિનિટનો સમય મળ્યો હતો. આ કેસમાં રાહુલ ગાંધીને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેની સજા પર રોક લગાવી છે.

રાહુલ ગાંધી તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે તેમણે સમગ્ર સમુદાયનું અપમાન કર્યું નથી, આવા કિસ્સામાં માત્ર રાહુલને જ આવી સજા મળી છે.રાહુલ ગાંધી તરફથી વકીલ અભિષેક મનુ સિંઘવીએ આ મામલે દલીલ કરતા કહ્યું કે રાહુલ ગાંધીએ તેમના ભાષણમાં જે લોકોની સરનેમનો ઉપયોગ કર્યો છે તે ૧૩ કરોડના સમુદાયમાંથી કોઈએ દાવો કર્યો નથી, પરંતુ તેમાં માત્ર ભાજપના નેતાઓ જ



દાવો કરી રહ્યા છે. વકીલે કહ્યું કે અરજદારની અસલી અટક મોદી નથી, તે મોઢ અટક પરથી મોદી બની ગયા છે. તેણે એવી દલીલ પણ કરી હતી કે સાક્ષીઓએ સ્પષ્ટપણે કહ્યું છે કે રાહુલે સમગ્ર સમુદાયનું અપમાન કર્યું નથી.

અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ કોઈ અપહરણ, બળાત્કાર કે હત્યાનો મામલો નથી, આવું બહુ ઓછું થયુ છે કે આવા કેસમાં ૨ વર્ષની સજા થઈ હોય. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે અભિષેક મનુ સિંઘવીને અટકાવતા કહ્યું કે તમે અહીં રાજકીય ચર્ચા ન કરો, તેને રાજ્યસભા માટે સાચવો. આ જોઈને સિંઘવી પણ હસી પડ્યા. રાહુલ ગાંધીના વકીલે કહ્યું કે અરજદાર પાસે રાહુલ ગાંધી વિરૂદ્ધ કોઈ પુરાવા નથી, દાખલ કરવામાં આવેલી ફરિયાદ પણ અખબારના કટિંગના આધારે છે જે વોટ્સએપ પર મળી આવી હતી.

બન્ને પક્ષોની દલીલ બાદ સુપ્રીમ કોર્ટે મુખ્ય બે વાત પર વિચાર કર્યો છે. ૧) એક છે, ટ્રાયલ કોર્ટે આપેલી મહત્તમ સજા. સુપ્રીમ કોર્ટે ટાંક્યું છેકે, માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને શા માટે મહત્તમ સજા જ કરવામાં આવી? નીચલી કોર્ટે આ અંગે કોઈ ખાસ કારણ જણાવ્યું નથી કે કોઈ સ્પષ્ટતા કરી નથી. મહત્તમ સજા આપવા માટે તે સજા આપવાનું કારણ જણાવવું જરૂરી છે અને તે અંગે વિગતવાર સ્પષ્ટતા પણ કોર્ટે કરવી ફરજિયાત છે.

આ ઉપરાંત કોર્ટે બીજો વિચાર એ વાત કર્યોકે, રાહુલ ગાંધી માત્ર કોઈ એક સામાન્ય વ્યક્તિ નથી. તેની સાથે લાખો મતદારોના અધિકારોની પણ અહીં વાત આવે છે. રાહુલ ગાંધી એક સાંસદ સભ્ય છે. તે વાયનાડ લોકસભાથી સાંસદ છે. અહીં એમના મતદારોના અધિકારની વાત છે. તેથી કોર્ટે હાલ આ નિર્ણય લીધો છે. કોર્ટે એવું પણ ટાંક્યું છેકે, રાહુલ ગાંધીનું આ પ્રકારનું નિવેદન યોગ્ય નહોંતું. આ ઉપરાંત રાહુલ ગાંધીનો ઈરાદો કોઈપણ સમાજને હર્ટ કરવાનો ઈરાદો નહોતો. એવી દલીલ પણ તેમના વકીલ કોર્ટ સમક્ષ કરી હતી. ચોમાસુ સત્રમાં રાહુલ ગાંધી ફરી સંસદમાં જોવા મળશે તેવું રાહુલ ગાંધીના વકીલે કર્યું છે.

### મોદી નામધારી, મોદી કોમ્યુનિટી, મોદી સમાજ આ તમામનું અપમાન કર્યુ હતુ. અમે તેમને આ કેસમાં લડત આપીશું : ફરિયાદકર્તા પૂર્ણેશ મોદી

સાર્વજનિક જીવનમાં આવા નેતાઓ પાસે વધારે જવાબદારીની અપેક્ષા છે તેનું પણ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે.

મોદી સરનેમના કેસની સુનાવણી બાદ ફરિયાદકર્તા પૂર્ણેશ મોદીએ જણાવ્યુ છે કે, 'મોદી નામધારી, મોદી કોમ્યુનિટી, મોદી સમાજ આ તમામનું અપમાન કર્યુ હતુ. તે સમયે અમે સુરતમાં ટ્રાયલ કોર્ટમાં અરજી ફાઈલ કરી હતી. તે બાદ ૨૦૨૩માં ટ્રાયલ કોર્ટમાં તમામ પ્રક્રિયા બાદ રાહુલ ગાંધીને બે વર્ષની સજા આપવામા આવી હતી. જે બાદ રાહુલ ગાંધીએ સજા સામે સુરતની સેસન્સ કોર્ટમાં સ્ટે માટે અરજી રકરી હતી. જ્યાં પણ તેમને આ સ્ટે મળ્યો ન હતો. ચુકાદો અમારા પક્ષમાં આવ્યો હતો.'

તેમણે વધુમાં જણાવ્યુ કે, 'જે બાદ તેમણે સ્ટે માટે હાઈકોર્ટમાં આ અંગેની અરજી કરી હતી. ગુજરાત હાઈકોર્ટે પણ નિર્ણય અમારી તરફ આપ્યો. જે બાદ તેમણે માનનીય સુપ્રીમ કોર્ટમાં પણ સ્ટે માટે અરજી કરી હતી.આજે સુપ્રીમ કોર્ટમાં રાહુલ ગાંધીને સ્ટે આપવામાં આવ્યો છે. આ માનનીય કોર્ટના ચુકાદાનું અમે સ્વાગત કરીએ છીએ. આવનાર દિવસમાં જ્યારે સેસન્સ કોર્ટમાં આ કેસ લડાશે ત્યારે અમે ત્યાં કાયદાકીય રીતે લડીશું.'

મોદી સરનેમ કેસમાં સુપ્રીમ કોર્ટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને રાહત આપી છે. આ સાથે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને આપવામાં આવેલી બે વર્ષની સજા પર પણ રોક લગાવી દીધી છે. હવે સવાલો ઉઠી રહ્યા છે કે શું સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ તરત જ રાહુલ ગાંધીની સંસદ સભ્યપદ પુનઃસ્થાપિત થશે ?

કાયદા નિષ્ણાતોનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ રાહુલ ગાંધીનું સભ્યપદ પુનઃસ્થાપિત થઈ શકે છે. આ સાથે તેઓ આગામી લોકસભાની ચૂંટણી પણ લડી શકશે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ લોકસભા સચિવાલયને રાહુલ ગાંધી વતી રિપોર્ટ સોંપવો પડશે. જેમાં સુપ્રીમ કોર્ટના આજના આદેશનો ઉલ્લેખ કરીને લોકસભાની સદસ્યતા પુનઃસ્થાપિત કરવાની વિનંતી કરવામાં આવશે. આ પછી, લોકસભા સચિવાલયના અધિકારીઓ આદેશનો અભ્યાસ કરશે અને તે પછી જ રાહુલ ગાંધીની સદસ્યતા પુનઃસ્થાપિત કરવાનો આદેશ જાહેર કરવામાં આવશે. જો કે આ માટે કોઈ સમય મર્યાદા નથી, પરંતુ અધિકારીઓએ આ કામ વહેલી તકે કરવું પડશે.

લક્ષદ્વીપના એનસીપી સાંસદ મોહમ્મદ ફૈઝલને પણ જાન્યુઆરીમાં ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા, પરંતુ તેમણે સુપ્રીમ કોર્ટમાં ગયા બાદ માર્ચમાં તેમનું સભ્યપદ પુનઃસ્થાપિત કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચે ફૈઝલની બેઠક પર પેટાચૂંટણીની પણ જાહેરાત કરી હતી, જે બાદમાં રદ કરવામાં આવી હતી. જો કે, રાહુલ ગાંધીની સદસ્યતા રદ થયા પછી, તેમના લોકસભા મતવિસ્તાર વાયનાડમાં પેટાચૂંટણી જાહેર કરવામાં આવી ન હતી.સુપ્રીમ કોર્ટમાંથી રાહુલ ગાંધીને રાહત મળતાં કોંગ્રેસે કહ્યું કે, આ નફરત વિરૂદ્ધ પ્રેમની જીત છે.

## આતંકીઓ પકડાવાના કેસમાં ગુજરાત ATSની ટીમ પશ્ચિમ બંગાળ પહોંચી, આતંકીઓ હથિયાર ખરીદવાની રાહમાં હતા

રાજકોટ,

રાજકોટમાંથી ઝડપાયેલા અલકાયદાના આતંકી સંગઠન સાથે સાંઠગાંઠ ધરાવતા આતંકવાદીઓને લઈને તપાસ તેજ થઈ છે. વધુ તપાસ માટે ગુજરાત એટીએસની ટીમે પશ્ચિમ બંગાળમાં ધામા નાખ્યા છે. તો રાજકોટમાં પણ એટીએસની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અલકાયદાની વિચારધારાથી પ્રભાવિત આ આતંકીઓ હથિયારો પણ ખરીદવાની ફિરાકમાં હોવાનું સામે આવ્યુ છે. તો વધુમાં માહિતી મળી છે કે આ આતંકીઓ પશ્ચિમ બંગાળના યુવકોને કટ્ટરવાદ તરફ દોરતા હતા.

હાલમાં ગુજરાત એટીએસની ટીમ દ્વારા આતંકીઓના સંપર્કમાં રહેલા પરિવારોના બેંક એકાઉન્ટની તપાસ કરવામાં આવી રહી છે. પકડાયેલા આતંકીઓ પશ્ચિમ બંગાળમાં અનેક યુવકોના સંપર્કમાં હોવાનું પણ સામે આવ્યુ છે. મહત્વનું છે કે ગુજરાત એટીએસએ રાજકોટમાંથી ત્રણ દિવસ પહેલા ઝડપી પાડેલા આતંકીઓની તપાસ દરમિયાન મોટો ખુલાસો થયો છે. આંતકીઓના ટાર્ગેટ પર ગુજરાતમાં આગામી સમયમાં આવનાર જન્માષ્ટમી તહેવાર હતો.

સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી પર્વનું વિશેષ મહત્વ છે, લાખોની સંખ્યામાં લોકો પર્યટન સ્થળો, મંદિરો અને લોકમેળામાં ઉમટી પડતા હોય છે. ત્યારે આ જ તકનો લાભ ઉઠાવી આતંકીઓએ કાવતરું ઘડ્યું હતું. જો કે આ કાવતરાને ગુજરાત એટીએસએ નિષ્ફળ બનાવી લીધું છે.

## ભારતમાં મોંઘવારીની મોકાણ : ફુગાવામાં વૃદ્ધિ મુદ્દે સરકાર-RBIને ચેતવણી

નવીદિલ્હી,

નાણામંત્રાલયે તેના માસિક આર્થિક સમીક્ષા રિપોર્ટમાં ચેતવણી આપતા ખાદ્યાન્ન ફુગાવોમાં ઊછાળા અંગે સરકાર અને ભારતીય રિઝર્વ બેંકને સાવધાનીપૂર્વકનું વલણ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. નાણામંત્રાલયે કહ્યું છે, 'હવામાન સંબંધિ અવરોધોના કારણે ફળ, શાકભાજી અને દાળ તથા ઉત્પાદનોના ભાવમાં વધારાથી સીપીઆઈ- ખાદ્ય ફુગાવો મે મહિનામાં ૩ ટકાથી વધીને જૂનમાં ૪.૫ ટકા થય હતો, જે આરબીઆઈ અને સરકાર દ્વારા સંરક્ષિત દૃષ્ટિકોણની આવશ્યક્તાને રેખાંકિત કરે છે.'

ગયા મહિને જાહેર થયેલા આંકડા પરથી જાણવા મળે છે કે ભારતનો અગ્રણી રિટેલ ફુગાવાના દરે જૂનમાં ચાર મહિનાના ઘટાડાની પરંપરા તોડી હતી અને મે મહિનામાં ૪.૩૧ ટકાખથી વધીને ૪.૮૧ ટકા થઈ ગયો હતો. આ કારણે ખાદ્ય ફુગાવામાં ૨.૯૬ ટકાથી ૪.૫૯ ટકાની તીવ્ર વૃદ્ધિ જોવા મળી હતી.

વિશેષરૂપે ટામેટાના ભાવ ગયા મહિને આકાશને આંબી ગયા હતા અને હજુ પણ તેના ભાવ ઊંચા સ્તરે છે. આ અંગે સરકાર સંભવિત અન્ય ઉપાયો મારફત તેના વધતા ભાવો રોકવા પ્રયત્ન કરી રહી છે. અર્થશાસ્ત્રીઓને આશા છે કે સીપીઆઈ ફુગાવો જુલાઈમાં વધુ ગતિએ આગળ વધશે, જેના આંકડા ૧૪ ઑગસ્ટે જાહેર થશે.

નાણામંત્રાલયે તેના રિપોર્ટમાં કહ્યું છે કે સારા વરસાદ, ઉત્પાદન સેક્ટરમાં સતત વિસ્તાર અને જાહેર તથા ખાનગી ક્ષેત્રોમાં મોટાપાયે મૂડીગત ખર્ચ કરવો એ ચાલુ નાણાકીય વર્ષમાં વ્યાપક આર્થિક સ્થિરતા અને વૃદ્ધિ માટે સારા સંકેત છે. જોકે, ભારતે પ્રતિકૂળ વિકાસ અંગે સાવધ રહેવાની જરૂર છે.

નાણામંત્રાલયે માસિક આર્થિક સર્વેક્ષણની જૂન આવૃત્તિમાં કહ્યું હતું કે તાજેતરના વર્ષોમાં મૂડીગત ખર્ચ પર સરકારના ભાર મૂકવા સાથે અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણને પણ મહત્વ આપ્યું છે. તેનાથી ખાનગી સેક્ટરમાં પણ રોજગાર સર્જન, આવક, ઉત્પાદક્તા, માગ અને નિકાસને અનુકૂળ ચક્રનો ભાગ બન્યા છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે ફુગાવાનું દબાણ ઓછું થવાથી ખાનગી વપરાશમાં પણ સુધારો થઈ શકે છે. તાજેતરના મહિનાઓમાં રીટેલ ફુગાવામાં નરમાઈ જોવા મળી હતી. જથ્થાબંધ ફુગાવામાં નરમાઈની અસર રીટેલ મોંઘવારી પર પણ જોવા મળી છે.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### બાલાસીનોર તાલુકાના વડદલા, ડોડીયાના ગામના તલાટી

# અરજદારો પાસેથી દરેક કામો માટે રૂપીયા લેતા હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોની રજુઆત

બાલાસીનોર,

બાલાસીનોર તાલુકાના વડદલા, ડોડીયા અને સીમડીયા ગ્રામ પંચાયતના તલાટી રૂપીયા લીધા વગર કામ કરતાં ન હોવાની રજુઆત ગ્રામજનો દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી.

બાલાસીનોર તાલુકાના વડદલા, ડોડીયા અને સીમડીયા ગ્રામ પંચાયતના તલાટી બી.કે.ચૌહાણ એ છેલ્લા પાંચ વર્ષથી ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવે છે. તલાટી દ્વારા પંડીત દિનદયાલ આવાસના મકાનો માટે પાંચ થી દશ હજાર રૂપીયા આવવામાં આવે તો કાગળો ઉપર સહી સિક્કા કરી આપવામાં આવે છે. ઘર નંબર પાડવા માટે ૭૦૦ થી ૧૦૦/-રૂપીયા, વિધવા સહાય કે સરકારી સહાય આપવાના કાગળોમાં સહી કરવા માટે ૧૦ થી ૨૦ ટકા આપવા પડતા હોય છે. જો કોઈ અરજદારોને કુવો કે રીંટબોગ પાસ કરાવો હોય તો ૧૦૦૦/- થી ૧૨૦૦/-રૂપીયા આપાવ પડે છે. તલાટી પંચાયતમાં રેગ્યુલર આવતા ન હોવાને લઈ પંચાયતમાં કામ અર્થે આવતા અરજદારોને ધરમ ધક્કા અને પરેશાન થઈ રહ્યા છે. પીવાના પાણી માટે વાસ્મો યોજનાના કોન્ટ્રાકટરો પાસેથી ટકાવારી લઈ કામ કર્યા વગર બીલ પાસ કર્યાના આક્ષેપ સાથે ગ્રામજનો દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ છે.

## નડિયાદ-મહુધા રોડ પર દવાપુરા પાટીયા પાસે એસ.ટી. અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા એકનુ મોત

નડિયાદ,

નડિયાદ-મહુધા રોડ પર પુરપાટ આવતી એસ.ટી.બસ સામેથી આવતી રિક્ષા સાથે ધડાકાભેર અથડાતા રિક્ષા રોડ પર પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા એકનુ મોત નીપજયું હતુ. જયારે ત્રણ મુસાફરોને ઈજાઓ થતાં તરત સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મહુધા તાલુકાના કડી તાબે ખોડિયારપુરામાં રહેતા અજયભાઈ મહેન્દ્રભાઈ ભોજાણી મિત્રો સુરેશભાઈ રમણભાઈ ભોજાણી, રાજુભાઈ ઉર્ફે રાકેશભાઈ ડાહ્યાભાઈ ભોજાણી અને સાસ્તાપુરના હિતેશભાઈ રમણભાઈ ભોઈને રિક્ષામાં બેસાડી કોઈ કામ અર્થે નડિયાદ આવ્યા હતા. તેઓ મોડી રાતે નડિયાદથી પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે રિક્ષા હિતેશભાઈ ચલાવી રહ્યા હતા ત્યારે મહુધા રોડ પર દવાપુરા પાટીયા બારમહુડી પાસેથી પસાર થતા હતા દરમિયાન સામેથી પુરપાટ આવતી હિંમતનગર-નડિયાદ એસ.ટી.બસમાં ધડાકાભેર રિક્ષા સાથે અથડાઈ હતી. જેથી રિક્ષા રોડ પર પલ્ટી ખાઈ જતા આ અકસ્માતમાં અજયભાઈનુ ગંભીર ઈજાઓ થતાં મોત નીપજયું હતુ. જયારે રિક્ષા ચાલક સહિત ૩ વ્યકિતઓને ઈજાઓ પહોંચતા તરત જ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે વિજયભાઈ મહેન્દ્રભાઈ ભોજાણીએ અકસ્માત સર્જનાર એસ.ટી.બસના ચાલક સામે નડિયાદ ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## બાલાસીનોરના સરોડા ગામ રોડ ઉપર મળેલ અસ્થિર મગજના ઈસમને પોલીસે વાલીવારસોને સોંપ્યો



બાલાસીનોર,

બાલાસીનોરના સરોડા ગામ જતાં માર્ગ ઉપર ડીવાયએસપી અને પી.આઈ. પેટ્રોલીંગમાં હતા. દરમિયાન અસ્થિર મગરના ઈસમ મળી આવતાં સોશ્યલ મીડીયાના માધ્યમથી વાલીવારસોને શોધીને ઈસમને સોંપવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો મુજબ બાલાસીનોર ડીવાયએસપી અને પીઆઈ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નિકળેલ હતા. દરમ્યાન સરોડા ગામ તરફ જતાં રોડ ઉપરના અસ્થિર મગજના ઈસમ મળી આવેલ તેનું નામ પૂછતા પોતે કલ્પેશ નવાભાઈ બતાવતો હોય જેના આધારે પોલીસે સોશ્યલ મીડીયાના માધ્યમથી વાલીવારસોની શોધખોળ કરતા જણવા મળ્યું હતું. ઈસમ મોટીરાડ તા.ડીંટવાસ જણાઈ આવતાં વાલીવારસોનો સંપર્ક કરતાં ઈસમના કાકા જેસીંગભાઈ અરજનભાઈ તાવીયાડ પોલીસ મથકે આવી પોતાના ભત્રીજા હોવાની ઓળખ આપતાં કલ્પેશ તાવીયાડને સોંપી બાલાસીનોર પોલીસે પ્રસંશનિય કામગીરી કરવામાં આવી છે.

## ૧૦ ઓગસ્ટ ના રોજ સમગ્ર રાજયમાં એકસાથે ૨૫૦ તજજ્ઞ મારફતે ૨૫૦ સંસ્થાઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય કાર્યશાળાનું આયોજન

દાહોદ,

વિજ્ઞાન ભારતી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાનો ગુજરાત રાજ્યનું એકમ વિજ્ઞાન ગુર્જરી જે આપણી સંસ્કૃતિ સ્વદેશી વિજ્ઞાન તથા વસુધૈવ કુટુંબકમની ભાવના હૃદયમાં રાખીને સમગ્ર રાજ્યમાં તેમજ જ્યાં જ્યાં ગુજરાતી વસે છે, ત્યાં કામ કરે છે. વિજ્ઞાન ગુર્જરી વિજ્ઞાન અને આધ્યાત્માના સુમેળ પર ભાર મૂકે છે. વિજ્ઞાન ગુર્જરી એ ગ્રામીણ વિકાસમાં વિજ્ઞાન, સામાજીક સશક્તિકરણ નારી વૈજ્ઞાનિક શક્તિ અને તાંત્રિક વિજ્ઞાનના પાયાથી લઈ ઉચ્ચ કક્ષક સુધી લોકોને જોડવાનું અને સમાજ તથા રાષ્ટ્રને ઉપયોગી થવા કામ કરે છે. દ્વનિર્ગોળ અને વિકસિત ભારતનું સ્વપ્ન લઈ અર્વાચીન અને પ્રાચીન વિજ્ઞાનને સંયોજનને પ્રાપ્તના નિર્માણ ભગીરથ કાર્યમાં યુવા છાત્રને જોડવા માટે દર વર્ષે વિજ્ઞાન ગુર્જરીના માધ્યમથી ગુજરાત વિજ્ઞાન સંમેલન સ્ટુડન્ટ ઈનોવેશન ટેસ્ટ પ્રોજેક્ટ પ્રોડક્ટ એક માસ વૈજ્ઞાનિક ખાસ વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ભારતીય વિજ્ઞાન સંમેલન વગેરે અનેક આયામો રેગ્યુલર રાજ્ય ભરમાં ચલાવે છે. ગુજરાતની સૌથી મોટી વિજ્ઞાનમાં રૂચિ જગાડવા માટે કામ કરતી સંસ્થા કે જેમાં સંશોધકો વૈજ્ઞાનિકો શિક્ષકો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયેલા છે અને રાજ્યની વિવિધ સંશોધન સંસ્થા ઈસરો પીઆરએલ, આઈ.પી.આર, જી.બી.આર.સી.ના વૈજ્ઞાનિકો તથા વિશ્વવિદ્યાલયોના સંશોધકો ગુજરાત રાજ્યની શાળા કોલેજો તથા યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને તેની કારકિર્દીમાં ઉપયોગી થાય એ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. જેને ભાગરૂપે ૧૦ ઓગસ્ટ ૨૦૨૩ નારોજ સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ ૨૦૨૩ અંતર્ગત સમગ્ર રાજ્યમાં ૨૫૦ થી વધુ સંસ્થાઓમાં ૨૫૦ તજજ્ઞ મારફતે વિજ્ઞાન ટેકનોલોજીના વિવિધ વિષયો ઉપર સાપેક્ષ મોડમાં કાર્ય શાળાનું આયોજન કરેલ છે. આ સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ ૨૦૨૩ ના પેટર્ન સર્વ નિલેશભાઈ દેસાઈ ડાયરેક્ટ ઈસરો અને પી.આર.એલ. ના ડાયરેકટર ડોક્ટર અનિલભાઈ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન ગુર્જરની પ્રાંત ટીમ પ્રમુખ ડોક્ટર ચૈતન્ય ભાઈ જોશી (ડાયરેક્ટર GBRC), જીગ્નેશભાઈ બોરીસાગર (આઈઆઈટી, ગાંધીનગર), ડો.પ્રશાંતભાઈ કુંજડિયા મારફતે સમગ્ર આયોજન થઈ રહ્યું છે. વિજ્ઞાન ગુર્જરી દાહોદ જીલ્લાના કોર્ડીનેટર કમલેશ લીમ્બાચીયા તથા ઝોન કોર્ડી.પંકજ દરજી એ સંયુક્ત યાદીમાં જણાવેલ છે કે, દાહોદ જીલ્લાની ૧૦ સંસ્થાઓમાં ૧૦ તજજ્ઞ મારફતે ૨૫૦૦ છાત્રોને વિજ્ઞાન ટેકનોલોજી ના વિવિધ વિષયો ઉપર ૧૦ ઓગસ્ટના રોજ ૧૦ કાર્ય શાળાઓ યોજવાની છે. જેમાં દાહોદ, જેસાવાડા, ગરબાડા લીલવા દેવા, રાછરડા ઢઢેલા, ગાંગરડી, જેવા વિવિધ કેન્દ્રો ઉપર એક જ દિવસે જુદા જુદા સમયે ૧૦ તજજ્ઞ મારફતે ટોક આપવામાં આવનાર છે. જેના સફળ આયોજન માટે વિજ્ઞાન ગુર્જરી દાહોદ જીલ્લા એકમના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

## પાંચ મહિનાથી પ્રોહીબીશનના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડતી ગરબાડા પોલીસ

ગરબાડા,

પોલીસ મહાનિરીક્ષક આર.વી.અસારી પંચમહાલ રેન્જ હે ગોધરા તથા પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલા દાહોદ નાઓએ સુચનાઓ અને માર્ગદર્શન આપેલ જે આધારે મદદનીશ પોલીસ અધિક્ષક કે.સિદ્ધાર્થ દાહોદ વિભાગ દાહોદ નાઓ તથા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર જે.એમ.ખાંટ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠ જે.એલ. પટેલ ઈન્સ્પેકટર ગરબાડા તથા પોલીસ સ્ટાફના પેટ્રોલીંગમાં માણસો સાથે પો.સ્ટે.સી.ગુ.નં.૧૧૮૨૧૦૨૫૨૩૦૦૪૪/ ૨૦૨૩ હતા. તે દરમ્યાન બાતમી મળેલ કે કતવારા પ્રોહી કલમ ૬૫ ઈ, ૯૮ (૨), ૧૧૬-બી મુજબ ના ના.ફ. આરોપી તથા દાહોદ રૂરલ પો.સ્ટે.ફ.ગુ.નં.૯૪/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૪૫૮,૩૮૦,૪૧૧, ૪૨૭, ૩૯૩ જેનો ક્રિમીનલ કેસ નંબર ૨૩૪૭/ ૨૦૧૮ બીજા એડીશનલ સિવીલ અને જ્યુડી.મેજી.ફ.ક. કોર્ટ દાહોદનાઓના સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટના કામના ના.ફ.આરોપી મિથુનભાઈ જવાભાઈ જાતે માવી રહે. માતવા પટેલ ફળીયા તા.ગરબાડા જિ.દાહોદ નાનો એમ.પી.રાજ્યના રાણાપુર ગામ તરફથી ગાંગરડા ચોકડી થઈ દાહોદ તરફ જનાર છે. તેવી ચોક્કસ બાતમી આધારે ગરબાડા પોલીસ સ્ટાફના માણસો ગાંગરડા ચોકડી ઉપર વોચ તપાસમા હતા. તે દરમ્યાન સદર ઈસમ પેસેન્જર વાહનમા બેસીને આવતા વાહન ઉભુ રખાવી ઓળખ કરી તેને પકડી પાડી પોલીસ સ્ટેશન લાવી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

આમ છેલ્લા પાંચ મહિનાથી પ્રોહીબીશનના ગુન્હામા નાસતા ફરતા આરોપી તથા સી.આર.પી.સી કલમ ૭૦ મુજબના વોરંટના કામના આરોપીને પકડવામા ગરબાડા પોલીસને સફળતા મળેલ છે.

## કલાગુરૂ રવિશંકર રાવળના ૧૩૨મા જન્મોત્સવ નિમિતે ગુજરાત આર્ટ સોસાયટી તેમજ ગુજરાત રાજય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે કલા પ્રદર્શન યોજાયું



લુણાવાડા,

ગુજરાતના કલાગુરૂ તરીકે સમગ્ર રાષ્ટ્ર જેમને આદર પૂર્વક નમન કરે છે, એવા કલાગુરૂ રવિશંકર રાવળના ૧૩૨માં જન્મોત્સવ નિમિતે ગુજરાત આર્ટ સોસાયટી તેમજ ગુજરાત રાજય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે દેશ-વિદેશમાં વસતા ૧૭૦ જેટલા ગુજરાતી સમકાલીન કલાકારો ની અદભૂત કલાકૃતિઓનું ભવ્ય પ્રદર્શનનું આયોજન અમદાવાદની રવિશંકર રાવલ આર્ટ ગેલેરીમાં યોજાયું. જેનું ઉદઘાટન જાણીતા કલા સંરક્ષકો પ્રિયા અધ્યારૂ-મહેતા અને મનન રેલીયાના કરકમલ દ્વારા કરવામાં આવ્યું હતું.

મહીસાગર જીલ્લાના સંતરામપુર ના ચિત્રકાર અજયસિંહ દિલીપસિંહ સોલંકી (સ્વામિ)ની સમકાલીન ચિત્રોની શ્રેણી ''લાઈફ ઓફ ધી જોરબા'' માંથી પ્રકૃતિની જીવંતતા અને વૃક્ષોના માધ્યમ થી પ્રેમની ભાવવાહીતાની અભિવ્યક્તિ કરાવતું ચિત્ર ''લવેબલ'' પણ આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવ્યું.

આર્ટ ઈન્ટીગ્રેટેડ લરનિંગના રાષ્ટ્રીય કક્ષાએ તજજ્ઞ તરીકે કાર્યરત અજયસિંહ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અભિનવ સંકલ્પના ''એક ભારત, શ્રેષ્ઠ ભારત'' અંતર્ગત ગુજરાત અને છત્તીસગઢ રાજયની કળાઓના સમન્વયને અગાઉ પણ બાઈસેગ, ગાંધીનગરના માધ્યમે સુંદર રીતે રજૂ કરેલ હતો.

અત્રે ઉલ્લેખનીય છેકે, અજયસિંહના અજ્ઞાત મનોજગતની યાત્રા કરાવતા બુધ્ધિઝમ અને તંત્ર સૂત્ર આધારિત ચિત્રો દેશ-વિદેશની ખ્યાતનામ આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત થયા છે. આ ઉપરાંત તેઓ મહીસાગરના આંતરિયાળ વિસ્તારોના બાળકો અને યુવાનોને વિવિધ પ્રકારની કળાઓની કાર્યશાળાઓ યોજી તેમને કલા ઉન્મુખ કરતા રહ્યાં છે.

ગુજરાત આર્ટ સોસાયટી અને ગુજરાત લલિતકલા અકાદમી દ્વારા યોજાયેલું. આ પ્રદર્શન તા.૧ થી ૬ ઓગસ્ટ ૨૦૨૩ સુધી સાંજના ૪થી૮ કલાક દરમિયાન કલાકાર, કલા રસિક તેમજ આમ જનતા માટે ખુલ્લું રહેશે.

## નડિયાદ સ્પે.પોકસો કોર્ટ દ્વારા સગીરા ઉપર દુષ્કર્મના આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારાઈ

નડિયાદ,

માતર તાલુકાના પુનાજની સગીરાને ફોસલાવીને ભગાડી જઈ દુષ્કર્મ ગુજારવામાં આવ્યુ હતુ. આ કેસ સ્પે.પોકસો કોર્ટ નડિયાદમાં ચાલી જતાં ન્યાયધિશે આરોપીને દસ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૩૫ હજારના દંડનો હુકમ કર્યો છે.

આરોપી વિશાલભાઈ વાલજીભાઈ વાઘેલા (દેવીપુજક) તા.૧૪ જુન ૨૦૨૦ના રોજ સાંજે પુનાજ ગામની સીમમાંથી સગીરાને ફોસલાવીને પટાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જઈ સગીરા પર અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતુ. આ અંગે સગીરાના વાલીએ લીંબોસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચાર્જશીટ રજુ કરી હતી. આ અંગેનો ટ્રાયલ નડિયાદના સ્પે.જજ. (પોકસો) એસ.પી.રાહતકરની કોર્ટમાં સ્પે.પોકસો કેસ ચાલી જતા સરકારી વકીલ ગોપાલ વી.ઠાકુર તથા પી.આર.તિવારીની દલીલો તેમજ કુલ ૧૪ સાહેદોના પુરાવા અને કુલ ૩૭ દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાનમાં લઈ સમાજના ગુના ઓછા બને તેમજ સગીર દિકરીઓ ઉપર બળાત્કારના કિસ્સાઓ બંધ થાય વગેરે કારણોને ધ્યાને લઈ આરોપીને જુદી જુદી કલમ હેઠળ સજાનો હુકમ કરેલ છે. જેમાં ઈ.પી.કો.કલમ ૩૬૩ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૫ હજાર અને જો દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા ઈપીકો કલમ ૩૬૬ મુજબના ગુનામાં સાત વર્ષની કેદની સજા તથા રૂ.૧૦ હજાર દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ઈપીકો કલમ ૩૭૬(૨) (એન) મુજબના ગુનામાં દસ વર્ષની કેદની સજા તથા રૂ.૧૦ હજાર દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે માસની કેદની સજા, પોકસો એકટ કલમ ૫(એલ)૬ મુજબનજા ગુનામાં તકસીરવાન ઠેરવી દસ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂ.૧૦ હજાર અને જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

## બાલાસિનોરના નાની શાહપુર પાસે દારૂના કટિંગ વખતે રેડ કરી ૩ શખ્સોને ૨૬ હજારના દારૂ સાથે ઝડપ્યા

કઠલાલ,

કઠલાલના નાની શાહપુર પાસે બે ગાડીઓમમાંથી દારૂનુ કટિંગ ચાલી રહ્યુ હતુ ત્યારે પોલીસે રેડ પાડીને રૂ.૨૬,૦૦૦નો દારૂ અને બિયરનો જથ્થો પકડીને કુલ રૂ.૫.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સ્થળ પરથી ત્રણ શખ્સો પકડાયા હતા અને ત્રણ શખ્સો નાસી છુટ્યા હતા.

બાલાસિનોર રોડ ઉપર નાની શાહપુર પાસે બે ગાડીઓમાંથી દારૂનુ કટિંગ કરી અન્ય વાહનમાં મુકાઈ રહ્યુ હતુ ત્યારે કઠલાલ પોલીસે તપાસ કરતા બે ફોર વ્હિલ ગાડીઓમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૬ કિ.રૂ.૨૧,૬૦૦ તથા બિયર ટીન ૪૮ કિ.રૂ.૪,૮૦૦ કુલ રૂ.૨૬,૪૦૦ તથા ગાડીઓની કિ.રૂ.૫,૪૦,૦૦૦તથા મોબાઈલ નંગ-૩ કિ.રૂ.૧૫,૦૦૦ કુલ રૂ.૫,૮૧,૪૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. સ્થળ ઉપરથી વિરલકુમાર હસમુખભાઈ પરીખ, ભારતસિંહ દશરથસિંહ સોલંકી, પ્રવિણભાઈ બુધાભાઈ સોઢાને પકડી પાડ્યા હતા. જયારે દારૂ મોકલનાર જીવો (રહે.સાચોર, રાજસ્થાન)તથા દારૂ મંગાવનાર પ્રવિણભાઈ ડાભી અને મેહુલ સોઢા સ્થળ ઉપરથી નાસી જતા આ અંગે કઠલાલ પોલીસ દ્વારા ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી હતી.

## બાલાસિનોર તાલુકાની પ્રા.શાળાની મ.ભોજનમાં જુલાઈ માસમાં દેશી ચણા પહોંચ્યા નથી

બાલાસિનોર,

મહિસાગર જિલ્લા પંચાયત સંચાલિત પ્રા.શાળાઓમાં વર્ષોથી કાર્યરત મધ્યાહન ભોજન યોજનામાં વિવિધ ફરિયાદ સામે આવી છે. ત્યારે મહિસાગર જિલ્લાની બાલાસિનોર તાલુકાની ૧૩૪ શાળાઓમાં વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન આપવાના નામે જાણે મજાક થઈ રહી હોય એમ લાગી રહ્યુ છે. મેનુ પ્રમાણે બનતા મધ્યાહન ભોજનમાંથી કઠોળ ગણાતા દેશી ચણા જુલાઈ મહિનાથી ગાયબ થતાં ભુલકાઓના પોષણનુ મધ્યાહન ભોજન યોજનામાં સંચાલકો નામ ન આપવાની શરતે જણાવી રહ્યા છે કે શાળા શરૂ થયાના ત્રણ માસ વિતવા છતાં આજદિન સુધી ચણાની દાળ આવી નથી અને ગયા મહિનાથી દેશી ચણા પણ હજુ આવ્યા નથી. ત્યારે કઠોળ ગણાતા દેશી ચણા જ ન આવતા બાળકો સુધી પોષણક્ષમ આહાર પહોંચાડવાના સરકારના નિયમોનો છેદ ઉડી રહ્યો છે.

## નારી વંદન ઉત્સવ સંજેલી ખાતે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

શુક્રવાર નારી વંદન ઉત્સવ અંતર્ગત પર સંજેલી તાલુકા ખાતે પ્રજાપતિ સમાજની વાડી પર મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામા આવી. દહેજ પ્રતિ બંધક અધિકારી પી.આર પટેલેએ જણાવ્યું હતું કે, સમાજના વિકાસમાં પુરૂષો જેટલુ જ મહત્વ સ્ત્રીઓનું છે, સમાજના તમામ પાત્રો સાથે જોડાય સારા બીજ રોપે તેવા હેતુથી મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકારનો ઉમદા હેતુ છે કે, સ્ત્રી દરેક ક્ષેત્રમાં આગળ વધે, જે સમાજમાં મહિલાઓનુ યોગદાન વધારે હોય તે જ સમાજ ખરેખર શ્રેષ્ઠ ગણી શકાય. સમાજનો અડધો હિસ્સો સ્ત્રીઓનો છે, છતાં પણ તેની અવગણના કરવામાં આવી રહી છે. મહિલા સશકિતકરણ ઉજવવાનો હેતુ સ્ત્રી પોતાના હક્કોથી જાગૃત બને અને તેમના પર થતા અન્યાયનો સામનો કરી પોતાના જીવનની દિશા અને ધ્યેય નક્કી કરી પોતાનુ સમાજ જીવન યોગ્ય રીતે જીવી શકે.સમાજ વ્યવસ્થાના ભાગરૂપે દરેક મહિલાએ પોતાને મળતા સમયમાં પોતાનામાં રહેલી શકિતનો વિકાસ કરવો જોઈએ. એક અભ્યાસ મુજબ પુરૂષોની સાપેક્ષમાં સ્ત્રીઓનો સ્વનિર્ભર થવાની બાબતમાં આંક ઊંચો છે તેવું તારણ નીકળ્યું છે. આવનારા દિવસોમાં દરેક મહિલાઓને સ્વનિર્ભર થવાની તક ઊભી થઈ છે અને કુટુંબમા તેમજ રાષ્ટ્રમાં ઉપયોગી મહિલાઓનું નેતૃત્ત્વ વધે તે માટે રાજયસરકાર કટીબદ્ધ છે.

આ પ્રસંગે મહિલા અને બાળ અધિકારીની કચેરીના અધિકારી તથા કર્મચારીઓ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની બહેનો, આરોગ્ય વિભાગનો સ્ટાફ, શાળાની શિક્ષિકાઓ તેમજ ગંગા સ્વરૂપા બહેનો, મહિલા શીવણ તાલીમ વર્ગની બહેનો અને કિશોરીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મહિલા નેતૃત્વની થીમ પર નાટક ભજવવામાં આવ્યું. પી.આર.પટેલ, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીના હસ્તે મહિલા શીવણ તાલીમ વર્ગમાં તાલીમ લીધેલ કિશોરીઓ તથા મહિલાઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહીત કરવામા આવ્યા. તેમજ શિક્ષિકા તથા નર્સ બહેનોને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું.

## આપની આજ.......

મેષ : પતિ-પત્ની વચ્ચે મધુરતા રહેશે. વેપારમાં લાભ પ્રાપ્તિ માટે કરેલાં નવા કરાર વિકસિત થશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. ઘરની દેખરેખ તથા સજાવટને લગતા કાર્યોમાં સારો સમય પસાર થશે.

વૃષભ : ખર્ચ વધારે રહેવાની અસર તમારી શાંતિ અને ઊંઘ ઉપર થઇ શકે છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. વ્યાપારિક સ્પર્ધામાં આજે તમને કોઇ વિશેષ સફળતા પ્રાપ્ત થવાની છે.

મિથુન : બેદરકારી અને મોડું કરવાથી કોઇ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે.

કર્ક : ઘરના કોઇ સભ્યની નકારાત્મક ગતિવિધિથી તમને ચિંતા થઇ શકે છે. લગ્ન યોગ્ય વ્યક્તિઓ માટે ઉત્તમ સંબંધ આવે તેવી શક્યતા છે. આજે આર્થિક સ્થિતિમાં સુધાર આવશે. સીઝનલ બિમારી આવી શકે છે.

સિંહ : મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઇ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો.

કન્યા : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે.

તુલા : સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઇ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

વૃશ્ચિક : કાર્યક્ષેત્રમાં શાંતિથી કાર્ય પૂર્ણ થતાં જશે. માંસપેશીઓમાં દુખાવાની તકલીફ રહેશે. ધન પ્રાપ્તિની દિશામાં કરેલાં પ્લાનમાં સફળતા પ્રાપ્ત થઇ શકે છે.

ધન : વેપારમાં આજે પરિસ્થિતિ સામાન્ય જ રહેશે. સ્વાસ્થ્ય સારુ રહેશે. આ સમયે તમારા નિર્ણય ઉપર જ વિશ્વાસ રાખો.

મકર : કાર્યક્ષેત્રમાં કરવામાં આવેલી મહેનતનું યોગ્ય પરિણામ પ્રાપ્ત થઇ શકે છે. ધનને લગતી નીતિઓમાં કોઇપણ પ્રકારની ઉતાવળ ન કરો. તમારા ગુસ્સા ઉપર કાબૂ રાખો.

કુંભ : કામકાજને લઇને થોડો ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવો લાભદાયક રહેશે. ઇન્ફેક્શન અને તાવની સ્થિતિ રહી શકે છે. કોઇપણ મુશ્કેલી સમયમાં અનુભવી પાસેથી સલાહ લેવી યોગ્ય રહેશે.

મીન : પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઇ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

# ઝાલોદ નગરના હિન્દુ યુવાનો દ્વારા પશુઓનો વેસ્ટ કચરો જાહેરરસ્તા પરથી લઈ જતા અટકાવવા પ્રાંત અધિકારી પાસે માંગ કરાઈ



ઝાલોદ,

ઝાલોદ નગરના મીઠાચોકના રહેવાસીઓ તેમજ નગરના સ્થાનિકો તેમજ હિન્દુ સંગઠનો દ્વારા ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓનું વેસ્ટ જે મીઠાચોક વિસ્તાર માંથી વાહનમાં મૂકી ડ્રમ ભરી લઇ જવામાં આવે છે. જે અતિ દુર્ગંધ મારે છે, તેને લઈ નગરના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી પશુઓના વેસ્ટ કચરો લઈ જતા વાહનો આ રહેણાંક વિસ્તાર માંથી લઇ જવામાં આવે છે. તેથી ત્યાં રહેતા હિન્દુ ધર્મના લોકોની લાગણી દુભાય છે. મીઠાચોક વિસ્તારમાં ઝુલેલાલ મંદિર, રામજી મંદિર, વૈષ્ણવ હવેલી, નરસિંહજીનું મંદિર, બાલ હનુમાન તેમજ તળાવને કિનારે રામેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. તેથી અહીં થી મંદિરે અવરજવર કરનાર લોકો વધુ હોય છે. તેથી મંદિરે આવતા દર્શનાર્થીઓની લાગણી આવા વેસ્ટ કચરાને લઈ દુભાય છે. તેથી કતલખાનાના પશુઓનો વેસ્ટ કચરો અહીંયાથી ન લઈ જવા સ્થાનિક લોકો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

અગાઉ આ અંગે એક મીટીંગમાં પ્રાંત અધિકારી અને મામલતદાર સાથે સ્થાનિક આગેવાન મનીષ પંચાલ દ્વારા કતલખાના બંધ કરવા માંગ કરાઈ હતી. ત્યારે સ્થાનિક પાલિકા તંત્ર દ્વારા આવા કોઈ કતલખાના ચાલતા નથી તેવી લેખિત માહિતી આપવામા આવી હતી. સ્થાનિક આગેવાનો મનીષ પંચાલ, જીતુ શ્રીમાળી, સંતોષ ભગોરા,દેવ પીઠાયા, નિકુંજ ભુનાતર, હીતેશ ભુનાતર વેસ્ટ કચરો જ્યાં નાખવામાં આવે છે, તે સ્થળની મુલાકાત કરવામાં આવી હતી.

પશુઓના વેસ્ટ કચરાના નિકાલની જગ્યાએ જતા તે સ્થળ અતિ દુર્ગંધ મારતું હતું. તેમજ ત્યાં પશુઓના વેસ્ટ કચરો ખૂબ મોટા પ્રમાણમાં પડેલ જોવા મળેલ હતો. ત્યાં સ્થળ પર મુલાકાત દરમ્યાન એક રીક્ષા પશુઓના વેસ્ટ કચરો લઈને આવેલ જોવા મળેલ હતું અને તે રીક્ષામાં પશુઓના લોહીથી ભરેલ અને વેસ્ટ કચરાથી ભરેલ પીપડાઓ જોવા મળેલ હતા. જો ગેરકાયદેસર કતલખાના બંધ છે, તો આટલો વેસ્ટ કચરો ક્યાથી આવે છે. તે અંગે નગરમાં ચર્ચા ઉઠવા પામી છે. આ બધા ગેરકાયદેસર કતલખાના કોની રહેમનજર હેઠળ ચાલી રહેલ છે. તે તપાસનો વિષય બનવા પામેલ છે.

# દાહોદ LCB પોલીસે એક દિવસમાં ઘાડલુંટના ૯ આરોપીઅને ઝડપ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
છેલ્લા ૨૧ વર્ષથી દાહોદ મહીસાગર તેમજ પંચમહાલ જિલ્લાના ધાડ મળી કુલ છ ગુનાઓમાં નાસ્તા ફરતા મહીસાગર જિલ્લામાં ઈનામી મદયપ્રદેશના આરોપીને તથા ચાર વર્ષથી વડોદરા ગ્રામ ચોરીના ઈનામી મદયપ્રદેશના આરોપીને તેમજ જિલ્લા તથા જિલ્લા બહાર લૂંટ, ધાડ તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં નાસ્તા ફરતા અન્ય સાત આરોપીઓ મળી કુલ ૯ આરોપીઓને એક જ દિવસમાં દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ જુગારની પ્રવૃત્તિઓ નાસ્તા ફરતા આરોપીઓ તેમજ અસામાજિક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લાની પોલીસને સુચના તેમજ માર્ગદર્શન આપતા દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરીમાં લાગી હતી. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાદમીના આધારે વિવિધ ગુન્હાઓમાં કુલ નવ આરોપીઓ નાસ્તા ફરતા હોવાની માહિતી મળતા દાહોદ એલસીબી પોલીસ સ્ટેશન મોડમાં આવી હતી અને જેમાં છેલ્લા ૨૧ વર્ષથી દાહોદ મહીસાગર તેમજ પંચમહાલ જિલ્લાના ધાડ મળી કુલ છ ગુનાઓમાં નાસ્તા ફરતા મહીસાગર જિલ્લામાં ઈનામી મદ્યપ્રદેશના આરોપીને તથા ચાર વર્ષથી વડોદરા ગ્રામ ચોરીના ઈનામી મદ્યપ્રદેશના આરોપીને તેમજ જિલ્લા તથા જિલ્લા બહાર લૂંટ, ધાડ તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં નાસ્તા ફરતા અન્ય સાત આરોપીઓ મળી કુલ ૯ આરોપીઓને એક જ દિવસમાં દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડ્યા હતા જેમાં આરોપીઓ મોહનભાઈ કાળીયા ભાઈ ચારેલ, દિનેશભાઈ શેટીયાભાઈ માવી, અપસિંગભાઈ મલાભાઇ પલાસ, શંકેશભાઈ રસુલભાઈ ભાભોર, સરદારભાઈ મનજીભાઈ ભાભોર, હિતેશભાઈ કાજુભાઈ ભાભોર, સલમાનખાન અફઝલખાન પઠાણ, ફારૂકભાઈ અહેમદખાન પઠાણ અને સુરેશભાઈ ભારતસિંહ ઠાકોર નાઓને દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડચા હતા. ઉપરોક્ત તમામ આરોપીઓ વિરૂદ્ધ વિવિધ ગુન્હાઓમાં વિવિધ પોલીસ મથકો જેવા કે દાહોદ, મહીસાગર, વડોદરા ગ્રામ્ય, તાપી, અમદાવાદ રૂરલ, સુરત ગ્રામ્ય, કચ્છ ગાંધીધામ, મહેસાણા વિગેરે પોલીસ મથકોએ ગુન્હાઓ નોંધાયેલ હતા. સાથે આજ રોજ પંચમહાલ રેન્જ આઈજીની ઓપચારીક મુલાકાત લીધી હતી. જેમાં તેમનું ગાડ ઓફ ઓનર આપી સન્માન કરાયું હતું.

# નારી વંદન ઉત્સવ : દાહોદ ખાતે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નારી વંદન ઉત્સવ અતંર્ગત મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે ડો આંબેડકર હોલ દાહોદ ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પશુપાલન માર્ગદર્શન શિક્ષણ શિબિર પણ યોજાઇ હતી. મહિલા નેતૃત્વ દિન નિમિત્તે ખેતી ક્ષેત્રે પ્રભાવી નેતૃત્વ કરી રહેલી મહિલા ખેડૂતો–પશુપાલકોનું મહાનુભાવોએ પ્રશસ્તિપત્ર આપીને સન્માન કર્યું હતું.૧૮૦૦ થી વધુ મહિલા પશુપાલકોને વૈજ્ઞાનાનીક ઢબે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શીતલબેન જણાવ્યું કે, ભારતની જનસંખ્યા જોઇએ તો ૪૭ % મહિલાઓ છે. બાળક યોગ્ય રીતે પોષિત થાય એ માટે બાળક જન્મે ત્યારથી છ મહીના સુધી બાળકને માતાનું ધાવણ અવશ્ય મળવું જોઈએ. જેથી બાળકનો સર્વાંગી શારીરિક વિકાસ થાય છે. પરંતુ માતા પોતે કુપોષણથી પીડાતી હશે તો બાળકને યોગ્ય પોષણ આપી શકશે નહી. માટે પ્રથમ તો માતાએ પોતે જ સુપોષિત થવાની જરૂર છે. માતા સુપોષિત હશે તો બાળક પણ સુપોષિત થશે. બાળકને બહાર બોટલમાં વેચાતુ દુધ પીવડાવવાથી બાળકને ડાયેરિયા, ઈન્ફેંક્શન થઈ શકે છે. માટે જરૂરી છે કે બાળકને માતાનું જ દૂધ આપવામાં આવે.

કાર્યક્રમમાં ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, જીલ્લા પંચાયતના સભ્યો, નાયબ પશુપાલન અધિકારી કમલેશ ગોસાઇ, સહિત અગ્રણી જીથરાભાઈ ડામોર, તાલુકા પંચાયતના સભ્યો, જીલ્લા પંચાયતના સભ્યો તેમજ અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સુખસર કન્યા વિદ્યાલયમાં વાલી સંમેલન યોજાયું


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસરમાં શ્રીમતી કટારા કન્યા વિદ્યાલય ખાતે જય સીતારામ કેળવણી મંડળના પ્રમુખ, ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને વાલી સંમેલન યોજાયું હતું. મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફતેપુરા તાલુકાના સુખસરમાં જય સીતારામ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એલ.બી કટારા કન્યા વિદ્યાલય ખાતે શુક્રવારના રોજ વાલી સંમેલન યોજાયું હતું. મંડળના પ્રમુખ અને ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય કલાવતીબેન કટારા દ્વારા સમસ્ત સ્ટાફ ગણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.તેમજ જણાવ્યું હતું કે, સ્વર્ગસ્થ ભુરાભાઈ કટારાએ આ વિસ્તારના ગરીબ બાળકો પોતાના વિસ્તાર માંજ સારૂં શિક્ષણ મેળવી રહે તે અર્થે શાળા, કોલેજો મંજુર કરાવી હતી. જેનો આજે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. અને શિક્ષણ મેળવી રહ્યા છે. ધારાસભ્ય રમેશભાઈ કટારા એ જણાવ્યુ હતું કે, મારાં પિતા ભુરાભાઈ એ આ વિસ્તારના ગરીબ બાળકોની ચિંતા કરી હતી. અને શરૂઆત થી લઇ બી.એડ કોલેજ આઇ.ટી.આઇ. સુધીની શાળા ઓ ખોલી છે.જેમા આજે વિદ્યાર્થીઓ અભ્યાસ મેળવી રહ્યા છે.

તમે ઈચ્છતાં હો કે તમારૂં બાળક શાળામાં અવ્વલ રહે,સાંજના પોતાનું હોમ વર્ક કરે તથા તમામ સામાન્ય જાણકારીથી વાકેફ રહે તો તેમાં તમારે પણ મહત્વનો ભાગ ભજવવો પડશે. કારણ કે આ માત્ર શાળાના શિક્ષકોની જ જવાબદારી નથી. બાળકના શાળા પ્રવેશથી લઈને તેની તમામ પ્રવૃત્તિઓ સાથે વાલીઓ સંકળાયેલા હોય તે જરૂરી બની ગયું છે.શાળાના સંચાલકો પણ આ પ્રકારના એકટીવ પેરેન્ટ્સને આવકારે છે.

આથી વાલીઓએ શાળાના સમય દરમિયાન બાળક શું કરે છે ? તેની માહિતી સંતાનોને હળવાશથી પ્રશ્નો પૂછીને મેળવવી જોઈએ. સંતાનોના અભ્યાસક્રમ તથા શાળામાં ચાલતી ઈતર પ્રવૃત્તિ વિશે માં–બાપે પણ માહિતી રાખવી જોઈએ. બાળકના ભણતરમાં રસ ધરાવતાં વાલીઓ સાથે શિક્ષકો પણ આત્મીયતાથી વાત કરે છે. તેઓ જાણે છે કે, બાળકોની સંભાળ રાખતાં અને તેમની પ્રત્યેક બાબત પ્રત્યે જાગૃત રહેતા વાલીઓ જ તેના ભણતર પ્રત્યે ગંભીર વલણ ધરાવે છે.

હવે ઘણી શાળાઓમાં વાલી અને શિક્ષકો મળી શકે તે માટે ચોક્કસ સમય નક્કી કરવામાં આવે છે. આ સમયે મા–બાપ પોતાના બાળકોની શાળાકીય પ્રવૃતિ બાબતે જાણી શકે છે. અને તે સંબંધિત કોઈ સમસ્યા હોય તો શિક્ષક સાથે છૂટથી ચર્ચા પણ કરી શકે છે.

# દાહોદ જિલ્લામાં ૪૧૭ આવાસોની સહાય લેવા ૩ હજાર અરજીઓ

દાહોદ,
દાહોદ જિલ્લામાં જેમના ઘર જીર્ણ થઈ ગયા છે અથવા જેમને રહેવા માટે ઘર નથી તેવા આદિજાતી પરિવારોને ઘર બનાવવા માટે સરકારની વ્યકિતગત આવાસ યોજના છે. આ આવાસ યોજનામાં સરકાર દ્વારા ૩ હપ્તામાં ૧.૨૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૨૧ જુલાઈથી આ યોજનામાં ઓનલાઈન ફોર્મ ભરવાનો પ્રારંભ થયો છે ત્યારે આ યોજનાનો લાભ મેળવવા સમજયા વગર માટે ગાડરીયો પ્રવાહ શરૂ થયો છે. આખા જિલ્લામાં ૪૧૭ આવાસો માટે જ સહાય આપવાની છે ત્યારે પુરતી માહિતી વગર અત્યાર સુધી ૩ હજાર લોકો આ યોજનામાં ફોર્મ ભરી ચુકયા છે. યોજનામાં ફોર્મ ભરનારા લોકો માંગ્યા મુજબના વર્તમાન ડોકયુમેન્ટના સ્થાને જુના દાખલા સહિતના ડોકયુમેન્ટ ફીલઅપ કરી રહ્યા હોવાનુ ફલિત થતાં ઓનલાઈન ફોર્મ ભરનારા કોમ્પ્યુટર ઓપરેટરો પણ પુરતી માહિતી ન આપી કે તેમની પાસે પણ ન હોવાથી પોતાની ફોર્મ ભરવાની ૫૦ કે ૧૦૦ રૂપિયા ફી વસુલીને આડેધડ ફોર્મ ભરી રહ્યા છે. પુરતી સમજ અને માહિતીના અભાવે એકબીજાની દેખાદેખીમાં આવાસ યોજનાનો લાભ મેળવવા લોકો આખા જિલ્લામાં આર્થિક નુકસાન સાથે સમયની પણ બરબાદી કરી રહ્યા છે.

# બારીયાથી ખોખરાનું અંતર ૧૬થી વધી ૧૮ કિ.મી.કર્યુ : બસ ભાડાના વધારાની અસર થતાં આશ્ચર્ય

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખોખરા ગામમાં એક પેસેન્જરે બારીયાથી ખોખરા સુધી મુસાફરી કરી હતી. ત્યારે હાલમાં સરકાર દ્વારા બસ ભાડામાં ૨૫ ટકા જેટલો ભાડાનો વધારો કરવામાં આવ્યો છે. ત્યારે પહેલા ખોખરા બારીયાનુ ભાડુ ૧૬ રૂપિયા ચાલતુ હતુ. ત્યારે હાલ વધીને ૨૦ રૂપિયા થયુ છે. ત્યારે પહેલા કિ.મી.૧૬ ટિકીટમાં છપાતા હતા ત્યારે હાલમાં ભાડા વધારા થયા પછી ટિકીટમાં કિ.મી.૧૮ થઈ ગયા છે. ત્યારે ખોખરા બારીયાના કિ.મી.માં બે કિ.મી.નો વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે બારીયા ધાનપુર મુખ્ય માર્ગ પર ખોખરાથી બારીયા ૧૫ કિ.મી.ના બોર્ડ લખવામાં આવેલા છે. ત્યારે એક ગજબની વાત જોવા મળી રહી છે દિવસે ને દિવસે ભાડાનો વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે કિ.મી.માં પણ વધારો જોવા મળી રહ્યો છે. પરંતુ એટલુ જ નહિ ગામ ખસેડવામાં નથી આવ્યુ કે પછી ખોખરા ગામનુ બસ સ્ટેન્ડ પણ નથી ખસેડવામાં આવ્યુ કે પછી રસ્તો પણ હતો તેમનો તેમ છે છતાં કિ.મી.કેમ દિવસે ને દિવસે વધારો કરાય છે તેની પેસેન્જરોમાં ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે બસમાં સવાર થયેલા મુસાફરે કંડકટરને પુછપરછ કરી કે બસ ભાડામાં વધારો થયો છે પરંતુ કિ.મી.માં કેમ ત્યારે કંડકટરે જણાવ્યુ હતુ કે એ તો મશીનમાં છપાય છે મને ખબર નથી તેમ જણાવ્યુ હતુ.

# ઝાલોદ થી મોરબી જતી ST બસ માંથી બાતમી આધારે સંતરામપુર પોલીસે વિદેશી દારૂ સાથે મહિલા બુટલેગરને ઝડપી પાડી



ઝાલોદ,
પંચમહાલ ગોધરા રેન્જ મહાનિરીક્ષક આર.વી.અસારી દ્વારા જુગારની પ્રવૃત્તિ બંધ કરવા સૂચના આપી છે, તેમજ મહીસાગર પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા જીલ્લામાં દારૂની અસામાજીક પ્રવૃત્તિ અટકવવા માટે જરૂરી સૂચના આપી છે. આધારે નાયબ પોલીસ અધિક્ષક પી.એસ.વળવીના માર્ગદર્શન હેઠળ સંતરામપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કે.કે.ડીંડોર દ્વારા આવી પ્રવૃત્તિ અટકાવવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે દરમિયાન સંતરામપુર પી.આઈ.ને બાતમી મળી હતી કે, ઝાલોદ થી મોરબી જતી એસ.ટી. બસમાં એક મહિલા ઈંગ્લીશ દારૂ લઈ બસેલ છે, જે દારૂ લઈ અમદાવાદ જનાર છે. તેવી બાતમી આધારે પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. ડીંડોર દ્વારા સંતરામપુર પોલીસ સ્ટેશનના માણસો, સ્ટાફ અરવિંદભાઈ, મહેન્દ્રસિંહ, કિરણભાઈ, લક્ષ્મણભાઈ અને ધર્મિષ્ઠાબેન સહિત સંતરામપુર બસ સ્ટેશનમાં નાકાબંધી કરી તપાસ હતા તે દરમિયાન આ મહિલાને દારૂની બોટલો સાથે ઝડપી પાડવામાં આવી હતી.

સંતરામપુર પોલીસ બસ સ્ટેશનમાં નાકાબંધી કરી ઉભી હતી. તે દરમિયાન બાતમી મુજબની એસ.ટી.બસ આવતા બસમાં પોલીસ તથા વુમન પોલીસને સાથે લઈ ચેકીંગ કરતા એસ.ટી. બસમાં એક મહિલા મુસાફર બેસી હતી. તેની સીટ પાસેથી એક ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના ક્વાટરિયા ભરેલ થેલો મળી આવ્યો. જેથી પોલીસ દ્વારા આ દારૂ વિશે પૂછતાં સીટમાં બેથેલ મહિલા કબુબેન મિથુનભાઈ ફતેહસિંહ હઠીલા રહેવાસી, નઢેલાવ પટેલ ફળિયું, તાલુકો–ગરબાડા, જીલો–દાહોદ જેઓએ પોતાની માલિકીની હોવાનું જણાવ્યું. જેથી પોલીસ દ્વારા તાપસ કરતા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના પ્લાસ્ટિકના ૧૮૦ એમ.એલ.ના ક્વાટેરિયા ૨૩૪ નંગ જેની કિંમત ૨૫,૭૪૦–ના મુદ્દામાલ સાથે આ મહિલા પકડાઈ ગયેલ હોય જેથી તેના વિરૂદ્ધમાં ગુન્હો દાખલ કરી સંતરામપુર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દાહોદ જિલ્લાના નવનિયુક્ત જિલ્લા પોલીસવડાએ ફતેપુરા પોલીસ મથકની મુલાકાત લીધી



દાહોદ,
દાહોદ જિલ્લાના પોલીસવડા બલરામ મીણાની બદલી થતા દાહોદ જિલ્લાના નવા પોલીસવડા તરીકે ડો.રાજદીપસિંહ ઝાલાની નિમણૂંક કરવામાં આવી છે. આ પૂર્વે તેઓ અમદાવાદ એ.સી.પી. ક્રાઇમ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ ગુજરાતના મોરબી જિલ્લાના વતની છે.અમદાવાદ ખાતે ડીસીપી સાઈબર ક્રાઈમ તરીકેનો પદભાર પણ તેમણે સંભાળ્યો હતો. આઈપીએસ તરીકે ગુજરાત કેડર મળ્યાં બાદ તેમની પ્રથમ નિયુક્તિ વલસાડમાં એસ.પી. તરીકે થઈ હતી ત્યારે દાહોદ જિલ્લા પોલીસવડા બલરામ મીણાની બદલી થતાં દાહોદ જિલ્લાના નવા પોલીસવડા તરીકે તેઓની નિમણૂક કરવામાં આવી છે.અને તેઓએ વિધિવત રીતે દાહોદ જિલ્લા પોલીસવડા તરીકેનો પદભાર પણ સંભાળી લીધો છે.ત્યારે આજે તારીખ ૩ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ તેઓએ ફતેપુરા પોલીસ મથકની મુલાકાત લીધી હતી અને ફતેપુરા પોલીસ મથકનું નિરીક્ષણ કર્યું હતું અને ફતેપુરા પોલીસ મથકના પીએસઆઇ જી.કે. ભરવાડને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. આમ દાહોદ જિલ્લાના નવ નિયુક્ત જિલ્લા પોલીસવડા ડોક્ટર રાજદીપ સિંહ ઝાલાએ ફતેપુરા પોલીસ મથકની મુલાકાત લીધી.

# દાહોદ ગ્રામ્ય પોલીસે તળાવના પુલ પાસેથી બાઈક ઉપર લઈ જવાતો ૮૭ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ તાલુકાના ખરેડી ગામે પેટ્રોલિંગમાં નીકળેલી દાહોદ ગ્રામ્ય પોલીસે તળાવના પુલ નજીક મોટરસાયકલ પર વિદેશી દારૂનો જથ્થો લાવતા બે ખેપીયાઓને ૮૭ હજાર ઉપરાંતના વિદેશી દારૂ, મોટરસાયકલ તેમજ મોબાઈલ ફોન સહિતના મુદ્દામાલ સાથે ઝડપી જેલભેગા કર્યા છે. પોલીસે ઉપરોક્ત બનાવવામાં વિદેશી દારૂ લાવનાર બે ખેપ્યા તેમજ અને બે ઈસમો મળી કુલ ચાર સામે પ્રોહી અંગેનો ગુનો દાખલ કર્યો છે.

દાહોદ તાલુકાના ગલાલિયાવાડ ગણાવા ફળિયાના મેહુલ ગુલાબ નિનામા, દેવરાજ પપ્પુ સિસોદિયા (સાંસી) રહે.રળીયાતી સાંસીવાડ પોતાના કબજા હેઠળની પલ્સર ગાડી પર વિદેશી દારૂ ભરીને લઈ આવી રહ્યા હતા તે સમયે પેટ્રોલિંગમાં નીકળેલા દાહોદ ગ્રામ્ય પોલીસ મથકના પીએસઆઈ એન.એન.પરમાર દ્વારા પલ્સર ગાડી ઉપર વિદેશી દારૂ લાવનાર બંને ખેપીયાઓને ઝડપી તેમની પાસેથી જુદા–જુદા બ્રાન્ડની ૨૨૬ બોટલ મળી ૩૭,૮૯૦ રૂપિયાનો દારૂ મળી આવતા પોલીસે બંને ખેતીઓ પાસેથી દેશી દારૂનો જથ્થો ૧૦,૦૦૦ કિંમતના બે મોબાઈલ ફોન તેમજ રૂ.૪૦,૦૦૦ કિંમતથી પલ્સર ગાડી મળી કુલ ૮૭,૮૯૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશનની હેરફેરમાં સંડોવાયેલા ઉપરોક્ત બંને ખેપીયા તેમજ સોનુ રાજેશ ઉર્ફે ઘોડો રહેવાસી દેલસર, તેમજ રાકેશ માવસિંગ નીનામા રહે.ગલાલિયાવાડ,) સહિત ચાર ઈસમો સામે ગુનો દાખલ કર્યો છે.

# ગરબાડામાં ઉભી ખેતીને ખાતરની જરૂરિયાત ઉભી થતાં ખેડુતો ખાતર માટે કતારોમાં

ગરબાડા,
થોડાક દિવસો અગાઉ જયારે યુરિયા ખાતરની વર્તાઈ રહેલી તંગી વચ્ચે રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલે ખાતર પુરતા પ્રમાણમાં કેન્દ્રમાંથી આવી રહી હોવાની વાત કરી હતી જોકે હાલ ખાતરની જરૂરિયાતના સમયે અનેક વિસ્તારોમાં ખેડુતો ખાતર માટે વલખા મારી રહ્યા છે. ત્યારે દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે ખાતર માટે લાગેલી લાંબી કતારો પણ મંત્રીએ જોવી જોઈએ.

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ધરતીપુત્રો દ્વારા મોંઘા ભાવના બિયારણો લાવી વાવેતર પણ કરી દીધુ છે. ત્યારે હાલ નિંદામણની પ્રક્રિયા ચાલુ હોય અને ખેડુતોને ખાતરની જરૂરિયાત પડતા ખેડુતો ખાતર માટે રઝળપાટ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે ગરબાડામાં આવેલા એપીએમસી કમ્પાઉન્ડમાં આવેલા ખાતર ડેપો ઉપર વહેલી સવારથી જ લોકો ખાતર માટે લાઈનોમાં બેઠેલા જોવા મળ્યા હતા. ખાતરની અછતના કારણે ડેપો પર ખાતર ખુટી જતા ત્રણ–ચાર દિવસથી ખેડુતો ખાતર ડેપો પર તપાસ કરવા આવતા હતા. હાલમાં મકાઈ તેમજ ડાંગર માટે ખેડુતોને ખાતરની જરૂર પડતી હોય ત્યારે તમામ ખેડુતોને ખાતર મળી રહે તે માટે વ્યકિત દીઠ બે ખાતરની થેલીઓ આપવામાં આવી રહી છે તેમ જાણવા મળ્યુ હતુ.

# રાહુલ ગાંધીની બે વર્ષની સજા ઉપર સુપ્રીમ કોર્ટે સ્ટે મુકતા કોંગ્રેસના કાર્યકર્તાઓ ગેલમાં ફટાકડા ફોડી સુપ્રીમ કોર્ટનાં ચુકાદાનું સ્વાગત કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
કર્ણાટકની રેલીમાં રાહુલ ગાંધી દ્વારા ચૂંટણી સભામાં ભાષણ આપવામાં આવ્યું હતું. સબ મોદી ચોર કયુ હોતે હે તેને લઈને સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ સુરતની કોર્ટમાં રાહુલ ગાંધી વિરૂદ્ધ માનહાનીનો દાવો નોંધાવો હતો અને તે કેસ સુરતની નીચલી કોર્ટમાં ચાલી જતા સુરતની કોર્ટે બે વર્ષની સજા રાહુલ ગાંધીને ફરમાવતા દેશમાં ચકચાર મચી જવા પામી હતી અને તેને લઈને તેની સજા રદ કરવા માટે ગુજરાતની હાઈકોર્ટમાં સજા માફી મામલે અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ રાહુલ ગાંધીની અરજીની સુનાવણી ન કરી અને તેની સજા માફિની અરજી ફગાવી દેતા જે બાદ રાહુલ ગાંધીના વકીલો દ્વારા સુપ્રીમ કોર્ટમાં તેની સજા અંગેની અરજીને પડકારતા સુપ્રીમ કોર્ટે આજરોજ તા.૪–૮–૨૦૨૩ ના રોજ રાહુલ ગાંધીના ફેવરમાં ફેંસલો આપી રાહુલ ગાંધીને નીચલી કોર્ટ દ્વારા બે વર્ષની સજા ફરમાવવામાં આવી છે, તેના ઉપર હાલ પૂરતો સ્ટે મૂકવામાં આવ્યો છે. તેને લઈને દાહોદ કોંગ્રેસમાં રાહુલ ગાંધીની સજા ઉપર સુપ્રીમ કોર્ટ દ્વારા સ્ટે મુકતા કોંગ્રેસના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી સૂત્રોચાર કરી અને રાહુલ ગાંધીની સજા ઉપર સ્ટે મૂકવાને લઈને સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને દાહોદ કોંગ્રેસના કાર્યકર્તાઓ તેમજ હોદ્દેદારોએ નગરપાલિકા ચોક ખાતે ભેગા થઈ ફટાકડા ફોડી સુપ્રીમ કોર્ટના રાહુલ ગાંધીના સજા ઉપર મૂકવામાં આવેલા સ્ટેને લઈને કોંગ્રેસના કાર્યકર્તાઓ અને હોદ્દેદારોમાં ખુશી જોવા મળી હતી.

# દાહોદ જીલ્લા કક્ષાના ૭૪ મા વન મહોત્સની ઉજવણી દેવગઢ બારીયા ખાતે થશે

દાહોદ,
દાહોદ જીલ્લા કક્ષાના ૭૪ માં વન મહોત્સવની ઉજવણી જીલ્લા પંચાયતના પ્રમુખ શીતલ બેન વાઘેલાની અદયક્ષતામાં જયદિપસિંહજી રમત સંકુલ દેવગઢ બારીયા ખાતે કરવામાં આવશે.વન મહોત્સવ ઉજવણીના ભાગરૂપે તા.૫ મી ઓગસ્ટના રોજ સવારના ૧૦.૦૦ કલાકે કાર્યક્રમ યોજાશે.

દેવગઢ બારીયા ખાતે યોજાનારા જીલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણીમાં દાહોદના સાંસદ જશવંત સિંહ ભાભોર ધારાસભ્ય સભ્ય કનૈયાલાલ કિશોરી, ધારાસભ્ય રમેશ કટારા, ધારાસભ્ય સભ્ય મહેશભાઈ ભૂરિયા, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, ધારાસભ્ય મહેન્દ્ર ભાઈ ભાભોર ઉપસ્થિત રહેશે.

# કતવારાના આગાવાડા રોડ ઉપર નાકાબંધી કરી પીકઅપ માંથી ૮૦ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ તાલુકાના કતવારા પોલીસે રાતે પેટ્રોલીંગ દરમ્યાન કતવારા ગામે આગાવાડા રોડ પર નાકાબંધી કરી રૂા.૮૦ હજાર ઉપરાંતની કિંમતના દારૂ–બીયરના જથ્થા સાથે બોલેરો પીકપ લોડીંગ ગાડી પકડી પાડી રૂા.અઢી લાખની કિંમતની ગાડી સહીત રૂા.૩,૩૦,૩૫૨ ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલકની અટક કરી ગાડીના ચાલક સહીત કુલ ચાર જણા સામે પ્રોહીનો ગુનો નોંધ્યાનું જાણવા મળ્યું છે.

કતવારા પોલીસ ગતમોડી રાતે કતવારા ગામમાં પેટ્રોલીંગમાં હતી તે વખતે પ્રોહી અંગેની મળેલ બાતમીના આધારે કતવારા ગામે આગાવાડા રોડ પર નાકાબંધી કરી હતી. તે દરમ્યાન બાતમીમાં દર્શાવેલ જીજે–૨૦ એક્સ૪૮૧૩ નંબરની બોલેરો પીકપ લોડીંગ ગાડી આવતાં જ પોલીસે તે ગાડી રોકી હતી. તે વખતે ગાડીમાં બેઠેલ નાની ખરજ ગામનો ગોલુ ઉર્ફે અર્જુનભાઈ ગાડીમાંથી ઉતરી પોલીસને ચકમો આવી નાસી ગયો હતો. જ્યારે ગાડીના ચાલક લીમખેડાના પ્રતાપપુરા ગામના નિશાળ ફળિયાના ઈશ્વરભાઈ રયસીંગભાઈ કટારાની અટક કરી પોલીસે ગાડીમાંથી રૂા. ૮૦,૩૫૨ની કુલ કિંમતની માઉન્ટ્સ બીયરની પેટી નંગ–૬, રોયર સ્પેસ્યલ વ્હીસ્કીની પેટી નંગ–૭ તથા લંડન પ્રાઈડ પ્રીમીયમ વ્હીસ્કીની પેટી નંગ. ૪ મળી કુલ પેટી નંગ–૧૭ પકડી પાડી સદર દારૂ–બીયરની હેરાફેરીમાં ઉપયોગ લેવાયેલ રૂા.૨,૫૦,૦૦૦ની કિંમતની બોલેરો પીકપ લોડીંગ ગાડી મળી રૂપિયા ૩,૩૦,૩૫૨ નો મુદ્દામાલ કબજે લઈ પકાયેલ ગાડીના ચાલક સહીત કુલ ચાર જણા વિરૂદધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.295

## પાવાગઢ બાધા પુરી કરવા આવેલ કલોલ (કડી)ના

# પ્રેમી યુગલ દર્શન કરી ૧૫૦ ફુટ ઉંડી ખાઈમાં પડેલ પ્રેમી યુવાનને ફાયર ટીમે રેસ્કયુ કરી બહાર કાઢયા




ગોધરા, પાવાગઢ યાત્રાધામ ખાતે કલોલ (કડી) થી બાધા પુરી કરવા માટે પરણિત પ્રેમીકા સાથે પ્રેમી યુવક આવ્યો હતો અને પાવાગઢ જંગલમાં બન્ને ફરી રહ્યા હતા. દરમિયાન બન્નેના પગ લપસતા ખીણમાં પડયા હતા.

### મોડી સાંજે ખાઈમાં ખાબકેલ પ્રેમી યુગલે આખી રાત ડર વચ્ચે ખાઈમાં વિતાવી

આખી રાત ભય સાથે ખીણમાં વિતાવી હતી સવાર પડતા ખોવાઈ ગયેલ મોબાઈલ મળતા ૧૦૮ને ફોન કરીને મદદ માંગી હતી. ૧૦૮ ટીમે ઘટના સ્થળે દોડી આવી હતી. પરંતુ કોઈ સગળ નહિ મળતાં પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ભારે જહેમત બાદ બન્નેને શોધી કાઢીને દોરડા અને સ્ટ્રેચર વડે રેસ્કયુ કરવામાં આવ્યું હતું.

કલોલ (કડી) ખાતેથી યુવક અને તેની પરણિત પ્રેમીકા પાવાગઢ યાત્રાધામ ખાતે બાધા પુરી કરવા માટે આવ્યા હતા. માતાજીના દર્શન કરી બાધા પુરી કરીને પાવાગઢ તળેટીમાં આવ્યા હતા અને નાસ્તો લઈને હેલીકલ વાવન પાછળ જંગલ વિસ્તારમાં આવેલ ડુંગર ઉપર ફરવા અને નાસ્તો કરવા માટે પહોંચ્યા હતા. ડુંગર ઉપર ઉભેલ પ્રેમીકાનો પગ લપસી પડયો હતો. બન્ને ડુંગરના ઢાળમાં ઢસડાઈને ૧૫૦ ફુટ ઉંડી ખાઈમાં પાણી ભરાયેલ તળાવના વચ્ચે આવેલ માટીના ઢગલામાં બન્ને પડયા હતા. માટી હોવાને લઈ બન્નેના જીવ બચ્યા હતા. મોડી સાંજે ખાઈમાં ખાબકેલ પ્રેમી યુગલ આપી રાત ડરના માહોલ વચ્ચે ભરજંગલ વચ્ચે રાત ગુજારી હતી. સવાર થતાં ખાવાઈ ગયેલ મોબાઈલ ફોન મળતાં ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી મદદ માંગતા ૧૦૮ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ મદદ માંગનારની ભાળ નહિ મળતાં પોલીસ અને ફરિયાદ બ્રિગેડને જાણ કરતાં ફાયર બ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર ફાયટરો દ્વારા ૧૫૦ ફુટ ઉંડા ખીણમાં પડેલ બન્ને પ્રેમી યુગલને દોરડા અને સ્ટ્રેચરની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા અને બન્નેને સારવાર અર્થે હાલોલ રેફરલ દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા.

# કાલોલ અંબિકા સોસાયટીથી બોરૂ રોડ સુધીના હાઈવે ઉપરના દબાણો દુર કરાયા

### કોર્ટ બિલ્ડીંગ આગળના દબાણ હટાવવાની કામગીરી બંધ કરાઈ




કાલોલ,

કાલોલ નગરમાં શુક્રવારે સવારે ૧૧:૦૦ કલાકે પ્રોબેશન ઉપર કાલોલ ખાતે મુકાયેલા પ્રાંત અધિકારી કાર્તિક જીવાણી ની અધ્યક્ષતામાં કાલોલ પોલીસ સ્ટાફ તેમજ આ દબાણો હટાવવા માટે સ્પેશિયલ મૂકવામાં આવેલ પીઆઈ તેમજ અન્ય પોલીસ સ્ટાફ કાલોલ ખાતે ફરજ બજાવતા પ્રો ડીવાયએસપી અને નગરપાલીકા સ્ટાફ તેમજ માર્ગ મકાન વિભાગના કર્મચારીઓની હાજરીમા કાલોલની અંબિકા સોસાયટી થી બોરૂ રોડ સુધીના હાઈવે ઉપરના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી ત્યારે અંબિકા સોસાયટીનું નામ દર્શાવતું બોર્ડ કે જે કોઈપણ રીતે નડતરરૂપ ન હોતું તેમ છતાં આ બોર્ડને હટાવવાની કામગીરી કરવામાં આવતા સોસાયટીના રહીશો અને આગેવાનો દ્વારા કાલોલના ભાથીજી મંદિર તેમજ પોસ્ટ ઓફિસ વિસ્તારમાં માથાનો દુખાવો બની ગયેલા કાયમી દબાણો કયા કારણે દૂર કરવામાં આવતા નથી અને આ દબાણો ક્યારે દૂર કરશો. તેવા ધારદાર પ્રશ્નોનો મારો ચલાવી વાતાવરણ મા ગરમાવો લાવી દીધેલો, જેનો જવાબમાં ડેપ્યુટી કલેક્ટર દ્વારા દર અઠવાડિયું દબાણ હટાવવાની કામગીરી ચાલશે. તમે ભાથીજી મંદિર બાબતના દબાણની અરજી નગરપાલિકાને આપી દો તેવી વાત કરતા વાતાવરણ ઓર ગરમાયું હતું રોડ ઉપરના મુખ્યમંત્રીના મોટ મોટા હોર્ડિંગ પણ દુર કરો તેવી સ્થાનિકો એ રજુઆત કરી ફૂટપાથ ઉપર મુકાયેલ લારી ગલ્લા દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં ઘણી બધી લારીના માલિકો પોતાના જાતે દબાણ દૂર કરતા જોવા મળેલા અને જે લારી ગલ્લાના માલિકો હાજર નહોતા તેવા લારી ગલ્લા તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવેલા. દબાણ રૂપ બનતા હોર્ડીંગ, જાહેરાતના બોર્ડ તેમજ સરનામું આપતા સાઈન બોર્ડ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી. જેમાં કેટલાક ગેરેજ, એડવોકેટ,ઝેરોક્ષના નામો વાળા બોર્ડ પણ ઉખાડી નાખવામાં આવ્યા હતા. દુકાનની આગળ શેડ બનાવી દબાણ કરતા દુકાનદારોના આવા શેડ પણ તોડી નાખવામાં આવ્યા હતા. પોલીસ લાઈન પાસે એક ગલ્લો જેસીબી થી તોડી પાડવામાં આવ્યો હતો અને એક પાર્લરનો દબાણ વાળો શેડ દુર કરવામાં આવેલ પેટ્રોલ પંપ પાસે ઉભા રહેતા ટેમ્પાના માલિકોને સ્થળ ઉપર જ મેમો આપી ટેમ્પા દીઠ રૂ ૫૦૦/નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. કાલોલ તાલુકા પંચાયત પાસે ઉભી રહેતી સંખ્યાબંધ લારીના લારી માલિકોએ પોતાની જાતે પોતાની લારીઓ ખસેડી લીધી હતી. કાલોલમાં દબાણો દુર કરવાની માહિતી મળતાની સાથે જ કાલોલના ભાથીજી મંદિરના દબાણ આપો આપ દૂર થઈ ગયા હતા અને આખો રસ્તો સાફ જોવા મળેલ. આ ઉપરાંત પોસ્ટ ઓફિસ પાસે ઉભી રહેતી લારીના લારી માલિકો દ્વારા પણ પોતાની લારીઓ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. કુલ મળીને કાલોલ નગરમાં આજરોજ હાઈવે ઉપરના દબાણો દૂર કરવાની તંત્ર દ્વારા કામગીરી કરવામાં મ આવેલી અને હાઈવે ઉપર આવેલી સોસાયટીના નામ વાળા બોર્ડ અને દુકાનોના શેડ દૂર કરતા બીજા વિસ્તારોમાં ટ્રાફિકને નડતર રૂપ દબાણ કેમ દૂર નથી કરાતા તેવા વેધક પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. કોઈક અગમ્ય કારણોસર બપોરે ૨:૩૦ કલાકે નવા બંધરહેલ કોર્ટની બિલ્ડિંગ થી આગળના દબાણ હટાવવાની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. જેથી બોરૂ રોડ સુધીના દબાણો હટાવવાની વાત ફારસરૂપ સાબિત થઈ હતી.

# ગોધરા અટલ ઉધાનમાંથી પાલિકા દ્વારા વર્ષો જુના વૃક્ષને કાપી નાખવામાં આવ્યું

### મુખ્યમંત્રીના વન કવચના ઉદ્ઘાટનના બીજા દિવસે પાલિકા ઉપર અવળી અસર જોવા મળી

ગોધરા,

રાજયના મુખ્યમંત્રી પાવાગઢ ખાતે વન કવચના ઉદ્ઘાટન કરીને વૃક્ષોની વાવણી અને વૃક્ષોના જતન માટે લોકોમાં જાગૃતિ કેળવાય તેવું આહવાન કરવામાં આવ્યું હતું પરંતુ મુખ્યમંત્રીના વૃક્ષો ઉગાડવાની અવળી અસર ગોધરા નગર પાલિકા ઉપર પડી હોય તેમ અટલ ઉધાનમાં ઉભા વૃક્ષનું છેદન કરવામાં આવ્યું. નવા વૃક્ષો ઉગાડવા પાલિકા માટે શકય નથી પણ ઉભા વૃક્ષોને કાપીને કેવી રીતે પર્યાવરણ જતન કરી રહ્યા છે. સમજાતું નથી.



ગોધરા શહેરની મધ્યમાં આવેલ અટલ ઉદ્યાન નગરજનો માટે હરવા ફરવાનું એકમાત્ર સ્થળ છે. આ બગીચામાં પાલિકા દ્વારા વિકાસ કરવાના નામે વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હતા. તેના સ્થાને બગીચામાં એકપણ નવુ વૃક્ષ વાવેતર કરાયું નથી પરંતુ પાલિકા તંત્રને જાણે કેમ બગીચામાં ઉભા વૃક્ષોનું છેદન કરીને કેવા પ્રકારના પર્યાવરણ જાળવણી અને વૃક્ષોના જતન કરે છે. તે સમજાઈ રહ્યું નથી. ગતરોજ પાવાગઢ ખાતે રાજયના મુખ્યમંત્રી વન કવચના ઉદ્ઘાટન માટે આવ્યા હતા અને ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્દબોધનમાં પર્યાવરણ બચાવવા માટે નવા વૃક્ષો વાવી તેમજ ઉભા વૃક્ષોનું જતન કરવા આહવાન કરવામાં આવ્યું તેમજ લોકોને વૃક્ષો વાવવા માટે પ્રેરીત કર્યા હતા પરંતુ મુખ્યમંત્રીના પર્યાવરણ અને વૃક્ષો ઉગાડવાની હિમાયતની અવળી અસર થઈ હોય તેમ અટલ બાગમાં વર્ષો જુના વૃક્ષને કાપી નાખવામાં આવતાં પાલિકાની આવી વૃતી સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યો છે.

## ગોધરા ખાડી ફળીયા પાસે ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાડતા એક ઈસમને ઝડપ્યો

ગોધરા,

ગોધરા ખાડી ફળીયા સિંદુરીમાતા મંદિર પાસે ખુલ્લામાં ચાલતા વરલી મટકાના જુગારધામ ઉપર પોલીસે રેડ કરી એક ઈસમને ૧૭૩૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ખાડી ફળીયા સિંદુરીમાતાના મંદિર પાસે ખુલ્લામાં ફરક આંકનો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી મહેશ ખુશાલભાઈ રાવળને ઝડપી પાડી ૧૭૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. જયારે પોલીસની રેઈડ દરમિયાન સંજય પ્રભુદાસ ખ્રિસ્તી નાશી છુટતા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ ઈન્સ્યોરન્સ કંપનીને ઓફિસ બંધ કરવાની નોટિસથી ગ્રાહકોમાં તર્કવિતર્ક

હાલોલ,

હાલોલના બરોડા રોડ ઉપર છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીની ઓફિસ ખાતે આવનાર ૨૮ ઓગષ્ટથી આ ઓફિસનુ કામકાજ બંધ કરી દેવામાં આવનાર હોવા અંગેની નોટિસ મારવામાં આવતા આ વિમા કંપનીના ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

હાલોલના બરોડા રોડ ઉપર છેલ્લા ૨૦ વર્ષથી ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીની ઓફિસ કાર્યરત છે. અને આ ઓફિસમાં ફકત બે જ કર્મચારીઓથી ચાલે છે. જેમાં એક અધિકારી અને એક પટાવાળો અને આ ઓફિસ સાતથી આઠ હજારના ભાડામાં ચાલે છે. નિભાવ ખર્ચ પણ ઓછો છે તેની સામે આ વિમા કંપનીમાં વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો પ્રિમીયમ હાલોલ નગર સહિત તાલુકાના આજુબાજુના વડોદરા અને પંચમહાલ જિલ્લાના ગામડાના વાહનચાલકો અને મેડિકલ પોલીસીના ગ્રાહકો ભરે છે. ત્યારે કંપનીના તંત્ર વાહકો દ્વારા બંધ કરવાનો ખોટો નિર્ણય લઈ કરોડો રૂપિયાનુ પ્રિમીયમ ખોવાનો વારો આવશે.એક બાજુ ખાનગી વિમા કંપનીઓ ઘરે બેઠા બેઠા વિમા પ્રિમીયમ ઉઘરાવે છે તેમજ દરેક સુવિધાઓ પુરી પાડે છે. ત્યારે વર્ષો જુની આ વિમા કંપની દ્વારા આ ઓફિસ બંધ કરી દેવાના નિર્ણયથી કરોડો રૂપિયાનુ પ્રિમીયમ ખાનગી કંપનીઓને જતુ રહેશેનુ ચર્ચાઈ રહ્યુ છે. આ સરકારી વિમા કંપનીમાં ગ્રાહકો જાતે ઓફિસમાં આવીને પ્રિમીયમના ચેકો આપી જાય છે અને કંપનીના એજન્ટો પણ મહેનત કરી રહ્યા છે લાગે છે કે કંપનીના ઉંચા અધિકારીઓ કયા આધારે આ કરોડો રૂપિયાનુ પ્રિમીયમ જતુ કરવા અને કંપનીને ખુબ મોટુ આર્થિક નુકસાન થાય તેઓ નિર્ણય એકાએક કેમ લેવામાં આવ્યો ? તે અંગે તર્કવિતર્કો થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચ કક્ષાએ સરકારમાં અને દિલ્હી ખાતે રજુઆતમાં લેખિતમાં કરવામાં આવી હોવાનુ જાણવા મળે છે. હાલોલની ઓફિસ બંધ થાય તો તેના વિમા ગ્રાહકો પ્રિમીયમ ભરવા જશે કયાં ? નાછુટકે ગ્રાહકોને ખાનગી કંપનીનો સહારો લેવો પડશે જેને લઈ આ નિર્ણય ઉપર ફેર વિચાર કરવા લોકોની આશા સેવાઈ રહી છે.

## ગોધરા હમીરપુર રોડ મેશરી નદીની ધસમાં જુગાર રમતા ૩ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરાના હમીરપુર રોડ મેશરી નદીના ધસમાં જુગાર રમાતો હોય તે સ્થળે પોલીસે રેડ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડી ૧૯,૪૨૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના હમીરપુર રોડ મેશરી નદીના ધસમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેડ કરી હતી. રેડ દરમિયાન ઈકબાલ સત્તાર ગીતેલી ઉર્ફે ઈકબાલ દલ્લી, લાલાભાઈ મયુરભાઈ ભોઈ, રાજુભાઈ વાડીલાલ ભોઈને ઝડપી પાડી રોકડા ૧૪૧,૪૨૦/-રૂપીયા મોબાઈલ ફોન મળી કુલ ૧૯,૪૨૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે બી ડીવીઝન પોલસી મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના પોપટપુરા ૭૩ એએ ના નિયંત્રણોવાળી ખેતીની જમીન પૂર્વ મંજુરી વગર થતાં વેચાણ દસ્તાવેજની તપાસ થવી જરૂરી

ગોધરા,

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ આદિવાસીઓની ૭૩ એએના નિયંત્રણો ધરાવતી ખેતીની જમીન કોઈપણ જાતની પૂર્વ મંજુરી વગર વેચાણ દસ્તાવેજ થયા. આમ સામાન્ય રીતે આદિવાસી નિયંત્રણો ધરાવતી જમીનમાં થતાં દસ્તાવેજો મહેસુલ વિભાગમાં ચાલતી લાલીયાવાડીની ચાડી ખાઈ રહ્યા છે.

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ આદિવાસીઓની ૭૩ એએના નિયંત્રણો ધરાવતી હોય તેવી જમીનોમાં આડેધડ વેચાણ દસ્તાવેજો થઈ રહ્યા છે. ૭૩ એએના નિયંત્રણ ધરાવતી જમીનના વેચાણ માટે ઉચ્ચ મહેસુલી અધિકારીની પરવાનગી (મંજુરી) લેવાની થતી હોય છે. પરંતુ પોપટપુરા ગામના આદિવાસી જમીનો માટે જાણે કોઈ નીનિ નિયમો લાગતા ન હોય તેમ સુખલીબેન સોમાભાઈ અને અન્ય ખાતેદારોની ખેતીની જમીનોના વેચાણ દસ્તાવેજ ૨૦૨૩ના ચાલુ વર્ષમાં થયેલ છે. તે જોતાં આવી ૭૩ એએના નિયંત્રણો ધરાવતી જમીનોમાં થતા વેચાણ દસ્તાવેજોની પૂર્વ ચકાસણી થતી ન હોવાને લઈ આવી જમીનો વેચાઈ રહી છે. ત્યારે મહેસુલ વિભાગ પૂર્વ મંજુરી વગર થતાં વેચાણ દસ્તાવેજોની તપાસ કરી કાર્યવાહી કરશે ખરી ?

## “મેરી મિટ્ટી મેરા દેશ” કાર્યક્રમના સુચારૂ આયોજન માટે નગરપાલિકા શહેરા ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગર પાલિકાના હોલ ખાતે “મેરી મિટ્ટી મેરા દેશ” કાર્યક્રમના સુચારૂ આયોજન માટે પ્રાંત અધિકારી એન.કે. પ્રજાપતિની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પંચપ્રાણ પ્રતિજ્ઞાઓ અંતર્ગત ગ્રામ પંચાયત કક્ષાએ કરવાના કાર્યક્રમોની વિસ્તૃત માહિતિ પાર્થ પટેલ તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવી હતી. નોડલ ઓફિસર દ્વારા ૯ મી ઓગષ્ટથી ૧૫મી ઓગષ્ટ સુધી હાજર રહી પ્રચાર પ્રસાર કરવા અને ગ્રામજનોને “મેરી મિટ્ટી મેરા દેશ” ઝુંબેશમાં જોડાવવા પ્રોત્સાહીત કરવા હાકલ કરવામાં આવી હતી. દેશની સેનામાં ચાલુ કે સેવા નિવૃતિ થયેલા વીર સપૂતોનું સન્માન, શહીદવિરોની યાદમાં સન્માન, આઝાદી કા અમૃત મહોત્સવ ઉપલક્ષમાં ૭૫ વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન,કળશ યાત્રામાં ગામની માટીને રાષ્ટ્રીય રાજધાની સુધી પહોંચાડવા, સેલ્ફી પોઈન્ટ દ્વારા સેલ્ફી અપ લોડ કરી રાષ્ટ્ર વિકાસ માટે સંકલ્પ બંધ થઈ પ્રતિજ્ઞા શપથ લેવડાવવા હાકલ કરવામાં આવી હતી. મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ દ્વારા રાષ્ટ્ર વિકાસમાં જીલ્લાના તાલુકા પોતાનું ઉત્તમ યોગદાન આપે અને તમામ પ્રકારના કાર્યક્રમો ગ્રામ પંચાયત ખાતે આયોજીત કરી ગ્રામજનો સહભાગી બની રાષ્ટ્ર ઉત્થાનમાં પોતાનો સિંહ ફાળો આપે તે માટે પ્રાંત ઓફિસર શહેરા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાર્થ પટેલ તાલુકા વિકાસ અધિકારી શહેરા, તેજલબેન ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા, રાયજીભાઈ નાયક પ્રમુખ તાલુકા પંચાયત શહેરા, ભારતસિંહ સોલંકી ઉપપ્રમુખ તાલુકા પંચાયત શહેરા, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન, ગ્રામપંચાયતોના સરપંચઓ, તાલુકા અને જીલ્લા પંચાયત સદસ્ય ઓ તથા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
કંજેટા લેમ્પસ મંડળી
તરફથી અભીનંદન....
મુ. પાનમ શાખા,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ધી આગસવાણી લે. મંડળી
તરફથી અભીનંદન....
મુ. પાવ,
તા. ધાનપુર,
જી. દાહોદ